# SAURASHTRA UNIVERSITY, RAJKOT.

**UGC – NET Coaching scheme**

*Re-Accredited grade A by NAAC*

**FOR SC/ST/OBC and Minority under XII Plan**

**C/o, CCDC 104, ACADEMIC CENTRE,**

Ph. 0281- 2587144 E-Mail. sauugcnet@gmail.com

***Coordinator***
***Dr. R.N. Kathad***


Ref: UGC-NET/SET/49-65/15
Date: 29/09/2015

પ્રતિશ્રી,

માનનીય અધ્યક્ષશ્રી, અર્થશાસ્ત્ર......................

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં માનનીય કુલપતિશ્રી અને કુલ સચિવશ્રીના માર્ગદર્શનમાં UGC XII Plan અંતર્ગત ST/SC/OBC (નોન ક્રિમીલયર) Minority અને ઓપન કેટેગરીના આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે UGC-NET/SET જે તે વિષયના પેપર નં. ૨ અને ૩ ના વર્ગો તા. ૮/૧૦/૨૦૧૫ થી જે તે વિષયના અનુસ્નાતક ભવનમાં શરૂ થશે.

આપના ભવનમાં પેપર નં.૨ અને પેપર નં.૩ ના થીયરીના વર્ગોનું આયોજન થાય તે માટે આપના ભવનમાંથી કોઈ એક અધ્યાપકશ્રીને આ માટે સંયોજક તરીકે કામગીરી સોંપવા વિનંતી જેથી UGC-NET/SET પેપર નં.૨ અને ૩ ના અભ્યાસક્રમને આધારે તાલીમનું સમયપત્ર તૈયાર કરીને ભવનના અધ્યાપકો/JRF/SRF ને તાલીમ માટેના તાસ ફાળવી શકે.

આ તાલીમ કેન્દ્ર વ્યાખ્યાન માટે અધ્યાપકશ્રીઓને રૂા.૩૦૦/– અને JRF/SRF ને રૂા.૨૦૦/– પ્રતિ કલાકનું માનદ્વેતન નિયમાનુસાર ચૂકવવામાં આવશે. પેપર નં.૨ અને ૩ થી કુલ૬૦ કલાકની તાલીમ આપવામાં આવશે.

આભાર સહ,

અર્થશાસ્ત્ર ભવન
આવક નંબર: 943
તારીખ: 5/10/15

**સવિનય નકલ રવાના :**

૧. અંગત મદદનીશ, માનનીય કુલપતિશ્રીનું કાર્યાલય.
૨. અંગત મદદની, માનનીય કુલસચિવશ્રીનું કાર્યાલય.

આપનો વિશ્વાસુ

(ડૉ. આર.એન.કાથડ) 30/9

Co-ordinator
NET Coaching Centre
Saurashtra University, Rajkot.

**બિડાણ :**

૧. યુ.જી.સી.પેપર નં.૨ અને ૩ નો અભ્યાસક્રમ
૨. વિદ્યાર્થીઓનું હાજરી પત્રક
૩. અધ્યાપકોનું તાલીમ માટેનુંસમય પત્રક

**UGC NET Coaching Centre (Under UGC XII Plan)**
**SAURASHTRA UNIVERSITY**
**104, 1st floor, Academic Centre,**
**B/h Central Bank of India**
**Saurashtra University Campus, Rajkot-360005**
**Ph. No. 0281-2587144 / E-Mail- sauugcnet@gmail.com**

**Re-Accredited Grade A by NAAC**

***Coordinator***
***Dr. R.N. Kathad***
(96876 92951)

ज्ञान-विज्ञान विमुक्तये

Ref. UGC-CSIR/Net-GSET/16/32-39/2015
Date: 6-2-2015

દિવ્યભાસ્કર, ગુજરાત, ફુલછાબ, અકિલા, સંદેશ, સાંજસમાચાર, ગુજરાતસમાચાર, આજકાલ

## ભૌતિકશાસ્ત્ર ભવનમાં UGC-CSIR NET/GSET પેપર નં. ૨ અને ૩ નાં નિ:શુલ્ક તાલીમ વર્ગનું ઉદ્‍ઘાટન કરતા યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, સંચાલિત અને U.G.C. દ્વારા અનુદાનિત U.G.C. NET/ GSET તાલીમ કેન્દ્ર દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ST/SC/OBC (N.C) /PH/ માયનોરીટીના વિદ્યાર્થીઓ તથા આર્થિક રીતે નબળા ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓ માટે U.G.C NET/GSET પરીક્ષાની તૈયારી માટેના તાલીમ વર્ગો યોજે છે. એકેડેમિક સેન્ટરમાં જનરલ પેપર નં.૧ નાં વર્ગો ચાલે છે તથા પેપર નં. ૨ અને ૩ ના વર્ગો સંબંધિત ભવનોમાં યોજાય છે.

તા. ૫/૨/૨૦૧૫ ના રોજ ભૌતિકશાસ્ત્ર ભવનમાં U.G.C-CSIR NET/GSET પરીક્ષા માટેના પેપર–૨ અને ૩ ના તાલીમ વર્ગોનો પ્રારંભ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ સાહેબ દ્વારા દીપ પ્રાગટય કરીને કરાવવામાં આવ્યો. ભૌતિકશાસ્ત્ર ભવનમાં યોજાય ગયેલા તાલીમ વર્ગના પ્રારંભ કરાવતા કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓને 'નેટ' GSET ની પરીક્ષાનું મહત્ત્વ સમજાવ્યું તથા પરીક્ષામાં જવલંત સફળતા પ્રાપ્ત કરવા માટેના આશીર્વચન અને શુભેચ્છાઓ આપવામાં આવી.

આ તાલીમ વર્ગમાં ૬૨ જેટલા વિદ્યાર્થીઓને ૩ માસ નિ:શુલ્ક તાલીમ આપવામાં આવનાર છે જેમાં મેથેમેટીકલ ફિઝીકસ, કલાસીક મિકેનિકસ, ઈલેકટ્રોમેગ્નેટીક થીયરી, ક્વોન્ટમ મિકેનીકસ, થર્મોડાયનેમીકસ તથા સ્ટેટેસ્ટીકલ ફિઝીકસ, ઈલેકટ્રોનિકસ, એટોમિક એન્ડ મોલેકયુલર ફીઝીકસ, કન્ડેસ મેટર ફિઝીકસ તથા ન્યૂકિલયર તથા પાર્ટીકલ વિજ્ઞાન વિ. વિષયોનું જ્ઞાન ભૌતિકશાસ્ત્ર ભવનનાં અધ્યાપકો પ્રો. એચ. એચ. જોષી, પ્રો. મિહિર જોષી, પ્રો. ડી.જી. કુબેરકર, પ્રો. એચ.પી.જોષી, પ્રો.નિકેશ શાહ, ડૉ. જે.એ. ભાલોડીયા, ડૉ. પિયુષ સોલંકી તથા જુદી જુદી વિજ્ઞાનની કોલેજોનાં તજજ્ઞ અધ્યાપકો ડૉ.પી.સી.શાહ, વિરાણી સાયન્સ કોલેજ, ડૉ. રૂપલ કે. ત્રિવેદી, કોટક સાયન્સ કોલેજ, ડૉ.ચેતન સી. ઠાકર, એમ.એમ. મહિલા કોલેજ, ડૉ. મુકેશ (આર.કે.કોલેજ) ડૉ. ડેવિત ધ્રુવ (વી.વી.પી. કોલેજ) ડૉ. જયસુખ મારકણા (વી.વી.પી. કોલેજ), કુ.શ્રી હિતાશી ભટ્ટ વગેરેનાં સંયુકત પ્રયાસોથી આપવામાં આવશે તેવું ભવનનાં અધ્યક્ષ શ્રી પ્રો. એચ.એચ. જોષી એ જણાવેલ.

તાલીમ વર્ગના ઉદ્‍ઘાટનમાં ઉપસ્થિત ભવનનાં અધ્યક્ષ પ્રો. હીરેનભાઈ જોષી, પ્રો. કુબેરકર, પ્રો. મીહિરભાઈ જોષી ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન U.G.C- NET કોચીંગ સેન્ટરનાં કો–ઓર્ડિનેટર ડૉ. રાજાભાઈ કાથડે કર્યું અને આભાર દર્શન ભૌતિકશાસ્ત્ર ભવનનાં પ્રોફેસર ડૉ.નિકેશભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું.

કો–ઓર્ડિનેટર

(ડૉ.રાજાભાઈ એન. કાથડ)

શ્રીરામ ધુન, તા. ૧૭મીના રાત્રે ... માનસાતા, ...
રામ-ગરબા, તા. ૧૮ના ૯ થી ૧૨ ... હરગોવિંદભાઈ બગડાઈ વગેરેએ જણાવેલ
સુંદરકાંડના પાઠ, તા. ૧૯ના સવારે ૯ થી ... છે.(૨૧.૧૩)
૧૨ રામઅર્ચનપૂજન, તા. ૨૦મીના સવારે

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં યુ.જી.સી.નેટની પરીક્ષાની તૈયારી પેપર નં.૧,૨ અને ૩ના વિનામૂલ્યે વર્ગોનો પ્રારંભ

રાજકોટ તા.10: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલસચિવના માર્ગદર્શનમાં U.G.C 12 પ્લાન અંતર્ગત U.G.C NET/G-SET પરીક્ષા માટેનું તાલીમ વર્ગ કાર્યરત છે. તાલીમ વર્ગના વિનામૂલ્યે તાલીમ આપવામાં આવે છે. તાલીમ વર્ગમાં તાલીમ વર્ગમાં KCG દ્વારા પેપર નં.૧ અને U.G.C NET/GSET દ્વારા પેપર નં.૨ અને ૩ નાં વર્ગો જે તે ભવનમાં પ્રારંભ થઈ રહ્યા છે જેમા વિદ્યાર્થીઓ વિનામૂલ્યે તાલીમ મેળવી શકે છે.

અધ્યાપક તરીકેની ઉજ્જવળ કારકિર્દી બનવવા ઈચ્છતા તેજસ્વી છાત્રો માટે U.G.C NET તાલીમ કેન્દ્ર દ્વારા U.G.C NET/U.G.C.CSIR-U.G.C NET/G-SET પરીક્ષા અંગેની સંપૂર્ણ માહિતી વિદ્યાર્થીઓ ઘરબેઠા મેળવી શકે તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ પર આ પરીક્ષા અંગેની સંપૂર્ણ માહિતી અપલોડ કરવામાં આવી છે. જેમાં પરીક્ષાનાં કેન્દ્રો, અભ્યાસક્રમો, પરીક્ષા પદ્ધતિ, ફી ધોરણ, પાસીંગ ધોરણ, જૂના પ્રશ્નપત્રો, જુના પરીણામો વગેરે અંગેની સંપૂર્ણ વિગત વિદ્યાર્થીઓ એક કલીક કરતાની સાથે જાણી શકશે.

અધ્યાપક તરીકે કારકિર્દી ઘડવા ઈચ્છા, ઉત્સાહ ભાઈ/બહેનોએ તાલીમ કેન્દ્રમાં પ્રવેશ માટે નીચે મુજબ પ્રક્રિયા કરવા વિનંતી (૧) પેપર નં.૧ જનરલ પેપરના વર્ગો: પ્રારંભ તારીખ: ૧૭-૧૨-૨૦૧૬ થી તાલીમ કેન્દ્ર, એકેડેમિક સેન્ટર, રૂમ નં.૧૦૪, સેન્ટ્રલ બેંક અને કેન્ટીન પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ.

(૨) પેપર નં.૪ અને ૩ જે તે વિષયના વર્ગો: પ્રારંભ તારીખ: ૧૭-૧૨-૨૦૧૬ થી સમય: ભવનના અનુકુળ સમયે- અભ્યાસક્રમની આગળ અથવા પાછળ, સ્થળ: જે તે વિષયના અનુસ્નાતક ભવનમાં પેપર નં.૧મા ૫૦ કલાકની અને પેપર નં.૨ અને ની ૬૦ કલાકની તાલીમ આપવામ આવશે. વધુ માહિતી માટે સેન્ટર કો-ઓર્ડિનેટર પ્રો.આર.એન.કા મો.૯૬૮૭૬૯૨૯૫૧ નો સંપર્ક કર એક યાદીમાં જણાવાયુ છે.(૧.૧

## માણેક પરિવાર દ્વારા કાલે રાંદલ માતાજીના ૧૨૦ લોટા ઉત્સવ



રાજકોટ : નલીનકુમાર મોહનલાલ માણેક દ્વારા શ્રી ભગવતીમા રાંદલમાના લોટા ૧૨૦(ભકિત આશ્રમે) આવતીકાલે ભાવિકોએ તા. ૧૧ના રવિવારે તેડવામાં આવેલ છે. દર્શનનો લાભ લેવા અનુરોધ કરાયો છે. સ્થળ : નલીનભાઈ મોહનલાલ માણેક, ભકિત આશ્રમ, કાલાવડ રોડ, એ.જી. ચોક, નીલ કા ધાબાની બાજુમાં રાજકોટ.(૩૭.૪)

# ...સ્પિટલ એપેક્ષ ડાયાબીટીસ-...ીનીકનું કાલે નવપ્રસ્થાન

## પીએચ.ડી.ના કોર્સ...

સંદેશ
તા-૮-૧૦-૧૫

## યુનિ.માં ૧૪ વિષયોની 'નેટ' પરીક્ષાના તાલિમવર્ગો

રાજકોટ, તા.૭: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં યુજીસીની નેટ(નેશનલ એલીજીબિલીટી ટેસ્ટ) પરીક્ષા માટે તાલિમવર્ગો તા.૧૪થી શરૂ થઈ રહ્યા છે. આ વર્ગોમાં અનામત, આર્થિક પછાત તેમજ લઘુમતિ છાત્રોને નિશુલ્ક પ્રવેશ આપવામાં આવનારછે.

યુજીસીની ૧૨ મી યોજના અંતર્ગત આ તાલિમવર્ગો યોજવામાં આવનાર છે. ૧૪ વિષયોમાં ગુડજરાતી, કેમીસ્ટ્રી, હિન્દી, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કોમર્સ,ઈતિહાસ,અંગ્રેજી, કાયદાભવન,ફીજીક્સ,એમ.સી.એ.નો સમાવેશ થાય છે. આ તમામ વિષયોના વર્ગો જે તે ભવનમાં યોજવામાં આવનાર છે. તાલીમવર્ગોમાં જોડાવા ઈચ્છતા છાત્રોને સબંધિત ભવનોમાં યુ.જી.સી. કો-ઓર્ડિનેટરનો સંપર્ક સાધવા જણાવાયું છે. યુ.જી.સી,ના પેપર નં.૨ અને ૩ માટે આ તાલિમવર્ગોમાં માર્ગદર્શન આપવામાં આવશે, જે છાત્રો યુ.જી.સી.ની આ પરીક્ષાની તૈયારીઓ કરતા હોય તેના માટે આ વર્ગો ઉપયોગી સાબિત થશે તેમ ડો. રાજા કાથડે જણાવ્યું હતું.

દિવ્યભાસ્કર
8-10-15

## માર્ગદર્શન | UGC NET પેપર 2 અને 3ના મફત તાલીમ વર્ગ

રાજકોટ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ અને કુલસચિવના માર્ગદર્શન હેઠળ UGC-12મી યોજના હેઠળ ST/SC/OBC/માયનોરીટી/PH/આર્થિક પછાત વર્ગના ઉમેદવારો માટે યુજીસી નેટ પરીક્ષાના 14 વિષયના પેપર નં-2 અને 3ના નિઃશુલ્ક તાલીમ વર્ગ 14મી ઓક્ટોબરથી 14 ભવનોમાં શરૂ થશે. યુનિવર્સિટી અને કોલેજમાં અધ્યાપક થવા માટે UGC.NET પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે. ફોર્મ 8 થી 12 ઓક્ટોબર સુધીમાં ભરી શકાશે. ફોર્મ અનુસ્નાતક ભવનમાં ભરાશે. ઉમેદવારો અધ્યાપક તરીકે કારકિર્દી ઘડવા ઈચ્છુક અને અધ્યાપક તરીકે શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ યુનિવર્સિટીનો સંપર્ક કરવો.

ફુલછાબ તા ૧-૧૦-૧૫

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૧૪ અનુસ્નાતક ભવનોમાં UGC NETના નિઃશુલ્ક તાલીમ વર્ગો

રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલપતિશ્રી અને કુલસચિવશ્રીનાં માર્ગદર્શનમાં યજ્ઞઈ-૧૨મી યોજના અંતર્ગત ST/SC/OBC /dpef p|fuVu/PH/આર્થિક રીતે પછાત વર્ગનાં ઉમેદવારો માટે UGC-NET પરીક્ષાનાં ૧૪ વિષયનાં પેપર નં. ૨ અને ૩ ના વિનામૂલ્યે વર્ગોનો પ્રારંભ તા. ૧૪-૧૦ થી ૧૪ ભવનોમાં થશે. યુનિવર્સિટી અને કોલેજમાં અધ્યાપક થવા માટે UGC-NET પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે. જે ઉમેદવારો અધ્યાપક તરીકે કારકિર્દી ઘડવા માગતા હોય અને અધ્યાપક તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો માટે યુનિવર્સિટીનાં ૧૪ ભવનોમાં તા. ૧૪-૧૦થી જુદા જુદા વિષયના જે-તે ભવનોમાં વિનામૂલ્યે તાલીમ વર્ગો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શરૂ થઇ રહ્યા છે. જેની વિગત નીચે પ્રમાણે છે. ફોર્મ ભરવાની તારીખ તા. ૮-૧૦-૨૦૧૫થી ૧૨-૧૦-૨૦૧૫ ફોર્મ ભરવાનું સ્થળ જે તે વિષયનાં અનુસ્નાતક ભવનમાં વર્ગો પ્રારંભ થવાની તારીખ તા. ૧૪-૧૦-૨૦૧૫ છે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાનાર પરીક્ષાનો કાર્યક્રમ

રાજકોટઃ CBCS પ્રકારની પદ્ધતિ અંતર્ગત (એક્સ્ટર્નલ) સને-૨૦૧૫ બીજા છ માસ દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાનાર સેમેસ્ટર-૧, સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૫ની પરીક્ષાઓ સંભવિત આ પ્રમાણે લેવાશે. જેમાં (૧) બી.એ. સેમેસ્ટર-૧ તા. ૧૭/૧૧ થી ૨૬/૧૧, (૨) બી.એ. સેમેસ્ટર-૩ તા. ૨૩/૧૦ થી ૩/૧૧, (૩) બી.એ. સેમેસ્ટર-૫ તા. ૬/૧૦ થી ૧૩/૧૦, (૪) એમ.એ. (ઓલ) એન્ડ એમ.કોમ. સેમેસ્ટર-૧ તા. ૨૨/૧૨ થી ૨૯/૧૨, (૫) એમ.એ. (ઓલ) એન્ડ એમ.કોમ. સેમેસ્ટર-૩ તા. ૧૫/૧૨ થી ૧૯/૧૨, (૬) બી.કોમ. સેમેસ્ટર-૧ તા. ૧૭/૧૧ થી ૨૬/૧૧, (૭) બી.કોમ. સેમેસ્ટર-૩ તા. ૨૩/૧૦ થી ૨/૧૧, (૮) બી.કોમ. સેમેસ્ટર-૫ તા. ૬/૧૦ થી ૧૩/૧૦ના રોજ લેવામાં આવનાર છે તેમ યાદીમાં જણાવાયું છે.

ફૂલછાબ, રાજકોટ પેઈજ નં-૧૯

બુધવાર, તા.૨૦-૫-૨૦૧૫

# યુનિ.માં યુજીસીનેટ/જીસ્લેટની તૈયારી માટે પેપર નં.૧ના વિનામૂલ્યે વર્ગ યોજાશે

રાજકોટ, તા.૧૯ઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં યુ.જી.સી.ની બારમી યોજના અંતર્ગત વિવિધ તાલીમ વર્ગો ચાલી રહ્યાં છે. યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૦ મુજબ અધ્યાપક થવા માટે યુ.જી.સી. નેટ પરીક્ષા/જી. સ્લેટ પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે. અથવા યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૦૯ મુજબની પીએચ.ડી.ની ડીગ્રી હોવી જરૂરી છે. યુ.જી.સી. એ ST/SC/OBC/ (નોન ક્રિમીલયર)/ માયનોરીટી તથા આર્થિક રીતે પછાત ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે તાલીમ આપી શકાય તે માટે નેટ કોચીંગ સેન્ટર માટે ગ્રાન્ટ ફાળવે છે.

આ નેટ તાલીમ સેન્ટર ખાતે લાઇબ્રેરી સુવિધા છે, જેમાં વિવિધ વિષયોના જુદા-જુદા પ્રકાશનોના પેપર નં.૧,૨ અને ૩ના પુસ્તકો વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. આ સેન્ટરનો લાભ મેળવીને અત્યાર સુધીમાં ૧૦૪ જેટલા વિદ્યાર્થીઓ યુ.જી.સી. નેટ/જી. સ્લેટ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. આ સેન્ટરમાં તા.૨૫મીમેથી પેપર- ૧ જનરલ પેપરના વર્ગો શરૂ થશે.

જેનો સમય સવારે ૯ થી ૧૧નો રહેશે. તેમાં પ્રવેશ લાયકાત અનુસ્નાતકમાં અધ્યાપક માટેની લાયકાત ધરાવતા/ એમ. ફિલ/પીએચ.ડી.ના ઉમેદવારોની છે.

સ્થળ અને રજિસ્ટ્રેશન માટે ૨૩/૫/૨૦૧૫ સુધીમાં UGC NET તાલીમ કેન્દ્ર, એકેડેમિક સેન્ટર રૂમ -૧૦૪, સેન્ટ્રલ બેંક અને કેન્ટીન પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ-રાજકોટ.

વર્ગની સંખ્યા ૨૫ રહેશેઃ (વહેલા તે પહેલાના ધોરણે) આગામી ૨૮/૬/૨૦૧૫ની NET પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને અગ્રતા આપવામાં આવશે.)

પેપર નં. ૧માં ૫૦ કલાકની તાલીમ આપવામાં આવશે. પ્રત્યેક ટોપીકમાં ૫ કલાકની કોચીંગ અને ૧ કલાકની ટેસ્ટ પરીક્ષા તાલીમમાં જોડાનાર પ્રત્યેક વિદ્યાર્થીને નેટ પે.૧ નો સીલેબસ અને યુજીસી નેટ પે.૧ ના જૂના પ્રશ્નપત્રો સોફટકોપીમાં વિદ્યાર્થીઓના ઇમેલ ઉપર આપવામાં આવશે.

વધુ માહિતી માટે સેન્ટરના કો-ઓડીનેટર ડો. રાજા એન. કાથડ, મો. ૯૬૮૭૬ ૯૨૯૫૧નો સંપર્ક કરવા જણાવાયું છે.

દિવ્ય ભાસ્કર
મંગળવાર
તા-૧૯-૫-૨૦૧૫

# યુનિવર્સિટીમાં નેટ અને સ્લેટના વિનામૂલ્યે વર્ગો

એજ્યુકેશન રિપોર્ટર. રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં યુજીસીની 12મી યોજના મુજબ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. યુજીસીના રેગ્યૂલેશન 2010 મુજબ અધ્યાપક બનવા માટે યુજીસી નેટ અથવા જી સ્લેટની પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે. આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં 25 મેથી અનુસ્નાતકમાં અધ્યાપક બનવા માગતા ઉમેદવારો માટે તાલીમ વર્ગો શરૂ કરાશે. વર્ગમાં જોડાવા માગતા વિદ્યાર્થીઓને 18 થી 23 મે સુધીમાં યુજીસી નેટ તાલીમ કેન્દ્ર એકેડેમિક સેન્ટર ખાતે સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. વિનામૂલ્યે શરૂ કરાતા આ વર્ગોમાં વહેલા તે પહેલાના ધોરણે 25 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.




સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ભૌતિક શાસ્ત્ર ભવનમાં જી-સેટના પેપર નં. ૨, ૩ ના તાલીમ વર્ગોનો પ્રારંભ થયો છે. જેમાં ૬૨ છાત્રોને ૩ મહિના સુધી નિઃશુલ્ક તાલીમ આપવામાં આવશે. તાલીમ વર્ગાના પ્રારંભ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ, ભૌતિક શાસ્ત્ર ભવનના અધ્યક્ષ સહિત વિવિધ વિજ્ઞાનની કોલેજના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# ભૌતિક શાસ્ત્ર ભવનમાં GSET ના પેપર નં. ૨-૩ ના તાલીમ વર્ગનો પ્રારંભ

રાજકોટ, શનિવાર

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિક શાસ્ત્ર ભવનમાં એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. તથા માયનોરોટીના છાત્રો તથા આર્થિક રીતે નબળા ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓ માટે યુ.જી.સી. - સી.એસ.આઇ. નેટ/ જી-સેટ પેપર નં. ૨ તથા ૩ ના નિઃશુલ્ક તાલીમ વર્ગોનો પ્રારંભ થયો છે.

## ૬૨ છાત્રોને ૩ મહિના નિઃશુલ્ક પાર્ટીકલ વિજ્ઞાન મેથેમેટીકલ ફીઝીકસ વગેરે વિષયોનું જ્ઞાન અપાશે

આ તાલીમ વર્ગમાં ૬૨ છાત્રોને ૩ માસ નિઃશુલ્ક તાલીમ આપવામાં આવશે. જેમાં મેથેમેટીકલ ફીઝીકસ, કલાસીક મિકેનિક્સ, ઈલેકટ્રો મેગ્નેટીક થીઅરી, કવોન્ટમ મિકેનીકસ, કન્ડેસ મેટર ફિઝીકસ તથા ન્યુ કલીયર તથા પાર્ટીકલ વિજ્ઞાન જેવા વિવિધ વિષયોનું જ્ઞાન આપવામાં આવશે.

તાલીમ વર્ગના પ્રારંભ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિએ છાત્રોને નેટ તથા જી-સેટની પરીક્ષાનું મહત્વ અંગે વિસ્તૃત છણાવટ કરી હતી. તાલીમ વર્ગના પ્રારંભે ભૌતિક શાસ્ત્ર ભવન અધ્યક્ષ સહિત વિવિધ વિજ્ઞાનની કોલેજના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. તાલીમ વર્ગના ઉદઘાટનમાં ઉપસ્થિત ભવનનાં અધ્યક્ષ પ્રો. હીરેનભાઈ જોષી, પ્રો. કુબેરકર, પ્રો. મીહિરભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન યુ.જી.સી.- નેટ કોચીંગ સેન્ટરનાં કો-ઓર્ડિનેટર ડો. રાજાભાઈ કાથડે કર્યું અને આભાર દર્શન ભૌતિકશાસ્ત્ર ભવનનાં પ્રોફેસર ડો. નિકેશભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું.

# સિટી ફ્રંટ પેજ

divyabhaskar.com | દિવ્ય ભાસ્કર, રાજકોટ | રવિવાર, 8 ફેબ્રુઆરી, 2015


**જ્ઞાન-અભિયાન** ભૌતિકશાસ્ત્રના પેપર નં. 2 અને 3ની નેટની પરીક્ષા વિદ્યાર્થીઓ આસાનીથી પાસ કરી શકે તેવું શિક્ષણ આપશે નિષ્ણાત શિક્ષણવિદો

# વિદ્યાર્થીઓને ફિઝિક્સમાં એક્સપર્ટ બનાવાશે

## યુજીસી નેટ કોચિંગ સેન્ટર દ્વારા યુનિ.માં શરૂ કરાયા નિઃશુલ્ક તાલીમ વર્ગ

ભાસ્કર ન્યૂઝ | રાજકોટ

સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓને ફિઝિક્સમાં એક્સપર્ટ બનાવવાનું અભિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શિક્ષણવિદોએ શરૂ કર્યું છે. ભૌતિકશાસ્ત્રના પેપર નં. 2 અને 3ની નેટની પરીક્ષા વિદ્યાર્થીઓ આસાનીથી પાસ કરી શકે તે માટે શનિવારથી ભૌતિકશાસ્ત્રભવનમાં નિઃશુલ્ક તાલીમ વર્ગ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં, 62 વિદ્યાર્થીઓને 3 માસ સુધી નિઃશુલ્ક નિષ્ણાત શિક્ષણવિદો દ્વારા શિક્ષણ આપવામાં આવશે. તાલીમ વર્ગો કાર્યકારી કુલપતિના હસ્તે ખુલ્લા મુકવામાં આવ્યા હોવાનું પ્રોફેસર નિકેશ શાહે જણાવ્યું હતું.



જ્ઞાન-અભિયાનનો પ્રારંભ કરાવતા નિષ્ણાતો.

યુજીસી નેટ/જીએસઇટી તાલીમ કેન્દ્ર દ્વારા આર્થિક અને સામાજિક રીતે પછાત વિદ્યાર્થીઓ તેમજ ઓપન કેટેગરીના ઉમેદવારો માટે પણ તાલીમ વર્ગો ચલાવવામાં આવી રહ્યા છે. જેમાં, અત્યાર સુધી જનરલ પેપર નં. 1 સંદર્ભે જ શિક્ષણ આપવામાં આવતું હતું. જો કે, હવે પેપર નં. 2 અને 3 સંબંધિત વર્ગો પણ શરૂ કરાયા છે.

## છેલ્લાં 25 વર્ષમાં એવરેજ 3 વિદ્યાર્થી જ પાસ થાય છે

**નિઃશુલ્ક** તાલીમ વર્ગ શા માટે શરૂ કરાયા તે અંગે કો-ઓર્ડિનેટર ડો. રાજાભાઇ કાથડે જણાવ્યું હતું કે, અત્યાર સુધી નેટની પરીક્ષામાં ફિઝિક્સમાં એવરેજ 3 વિદ્યાર્થી માંડ પાસ થાય છે. જ્યારે, સંસ્કૃત, એજ્યુકેશન, ગુજરાતી, મેનેજમેન્ટ અને કોમર્સ સહિતના વિષયોમાં એવરેજ 7 થી 8 વિદ્યાર્થીઓ નેટની પરીક્ષા પાસ કરી લે છે. ફિઝિક્સમાં પેપર નં. 2 અને 3 માં જ મોટાભાગના વિદ્યાર્થી ફેઇલ થતાં હોય છે. હવે, ફિઝિક્સના વિદ્યાર્થીઓ આ પેપરમાં પણ એક્સપર્ટ બને તેવા પ્રયાસો શરૂ કરાયા છે.

## એ-ગ્રેડ પણ જળવાઇ રહે

**સૌરાષ્ટ્ર** યુનિવર્સિટીને નેક કમિટીએ એ-ગ્રેડ આપ્યો છે અને એવી તાકીદ પણ કરી હતી કે, એક અધ્યાપક એક સંશોધન પ્રોજેક્ટ રજૂ કરે તે જરૂરી છે. તેમજ, વધુમાં વધુ વિદ્યાર્થી ખાસ કરીને ફિઝિક્સમાં નેટની પરીક્ષા પાસ કરે તે પણ મહત્ત્વનું છે. નિઃશુલ્ક તાલીમ વર્ગ શરૂ કરવાથી ઉપરોક્ત બન્ને બાબતો પર વિશેષ ધ્યાન આપી શકાશે અને 5 વર્ષ બાદ ફરી નેકની ટીમ રી-એક્રિડિટેશન માટે આવે ત્યારે ફિઝિક્સમાં વિદ્યાર્થીઓએ કરેલી પ્રગતિ બતાવી શકાય અને એ-ગ્રેડ પણ જાળવી શકાય તે માટે જ ઉપરોક્ત કાર્યવાહી શરૂ કરાઇ છે.

**ભૌતિકશાસ્ત્ર ભવનમાં નેટ-સ્લેટના વર્ગોનો પ્રારંભઃ** રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, સંચાલિત અને U.G.C. દ્વારા અનુદાનિત U.G.C. NET/GSET તાલીમ કેન્દ્ર દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ST/SC/OBC (N.C.)/PH/ માયનોરીટીના વિદ્યાર્થીઓ તથા આર્થિક રીતે નબળા ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓ માટે U.G.C. NET/GSET પરીક્ષાની તૈયારી માટેના તાલીમ વર્ગો યોજે છે. એકેડેમિક સેન્ટરમાં જનરલ પેપર નં. ૧નાં વર્ગો ચાલે છે તથા પેપર નં. ૨ અને ૩ ના વર્ગો સંબંધિત ભવનોમાં યોજાય છે. ભૌતિકશાસ્ત્ર ભવનમાં નેટ-સ્લીટ પરીક્ષા માટેના પેપર-૨ અને ૩ના તાલીમ વર્ગોનો પ્રારંભ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ દ્વારા દીપ પ્રાગટય કરીને કરાવવામાં આવ્યો. ભૌતિક ભવનમાં યોજાય ગયેલા તાલીમ વર્ગના પ્રારંભ કરાવતા કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓને 'નેટ'GSET ની




પરીક્ષાનું મહત્વ સમજાવ્યું તથા પરીક્ષામાં જવલંત સફળતા પ્રાપ્ત કરવા માટેના આશીર્વચન અને શુભેચ્છાઓ આપવામાં આવી. તાલીમ વર્ગમાં દર જેટલા વિદ્યાર્થીઓને ૩ માસ નિઃશુલ્ક તાલીમ આપવામાં આવનાર છે જેમાં મેથેમેટીકલ ફિઝીકસ, કલાસીક મિકેનિકસ, ઈલેકટ્રોમેગ્નેટીક થીયર, કવોન્ટમ મિકેનીકસ, થર્મોડાયનેમીકસ તથા સ્ટેટેસ્ટીકલ ફિઝીકસ, ઈલેકટ્રોનિકસ, એટોમિક એન્ડ મોલેકયુલર ફીઝીકસ, કન્ડેસ મેટર ફિઝીકસ તથા ન્યૂકિલયર તથા પાર્ટીકલ વિજ્ઞાન વિ. વિષયોનું જ્ઞાન ભૌતિકશાસ્ત્ર ભવનનાં અધ્યાપકો પ્રો. એચ. એચ. જોષી, પ્રો. મિહિર જોષી, પ્રો. ડી. જી. કુબેરકર, પ્રો. એચ. પી. જોષી, પ્રો. નિકેશ શાહ, ડો. જે. એ. ભાલોડીયા, ડો. પિયુષ સોલંકી તથા જુદી જુદી વિજ્ઞાનની કોલેજોનાં તજજ્ઞ અધ્યાપકો ડો. પી. સી. શાહ, વિરાણી સાયન્સ કોલેજ, ડો. રૂપલ કે. ત્રિવેદી, કોટક સાયન્સ કોલેજ, ડો. ચેતન સી. ઠાકર, એમ.એમ. મહિલા કોલેજ, ડો. મુકેશ (આર. કે. કોલેજ) ડો. ડેવિત ધ્રુવ (વી.વી.પી. કોલેજ) ડો. જયસુખ મારકણા (વી.વી.પી. કોલેઝ), કુ. શ્રી હિતાશી ભટ્ટ વગેરેનાં સંયુકત પ્રયાસોથી આપવામાં આવશે તેવું ભવનનાં અધ્યક્ષ પ્રો. એચ. એચ. જોષીએ જણાવેલ. તાલીમ વર્ગના ઉદ્દઘાટનમાં ઉપસ્થિત ભવનનાં અધ્યક્ષ પ્રો. હીરેનભાઈ જોષી, પ્રો. કુબેરકર, પ્રો. મીહિરભાઈ જોષી ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન U.G.C. NET કોચીંગ સેન્ટરનાં કો-ઓર્ડિનેટર ડો. રાજાભાઈ કાથડે કર્યું અને આભાર દર્શન ભૌતિક શાસ્ત્ર ભવનનાં પ્રોફેસર ડો. નિકેશભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું. (૭.૩૭)

UGC 12th Plan NET / Gslet ના તાલીમ કેન્દ્ર

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

સમય : ૮.૩૦ થી ૧૨.૩૦ વિષય : ગુજરાતી પેપર નં. ૨ અને ૩

તાલીમ કેન્દ્ર : ગુજરાતી ભવન UGC NET / SLET તાલીમનું ટાઈમ ટેબલ પત્રક

| ક્રમ | અધ્યાપકશ્રીનું નામ | વિષય | તારીખ | સમય | અધ્યાપકશ્રીની સહી |
|---|---|---|---|---|---|
| ૧ | ડો. બિપિન આશર | પેપર નં. ૨ અને ૩ | ૧૪.૧૦.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૨ | ડો. અંબાદાન રોહડિયા | પેપર નં. ૨ અને ૩ | ૧૪.૧૦.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૩ | ડો. બિપિન આશર | પેપર નં. ૨ અને ૩ | ૧૫.૧૦.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૪ | ડો. અંબાદાન રોહડિયા | પેપર નં. ૨ અને ૩ | ૧૫.૧૦.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૫ | ડો. બિપિન આશર | પેપર નં. ૨ અને ૩ | ૧૬.૧૦.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૬ | ડો. અંબાદાન રોહડિયા | પેપર નં. ૨ અને ૩ | ૧૬.૧૦.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૭ | ડો. બિપિન આશર | પેપર નં. ૨ અને ૩ | ૧૯.૧૦.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૮ | ડો. દીપક પી. પટેલ | પેપર નં. ૨ અને ૩ | ૧૯.૧૦.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૯ | ડો. બિપિન આશર | પેપર નં. ૨ અને ૩ | ૨૦.૧૦.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૧૦ | ડો. દીપક પી. પટેલ | પેપર નં. ૨ અને ૩ | ૨૦.૧૦.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૧૧ | ડો. બિપિન આશર | પેપર નં. ૨ અને ૩ | ૨૧.૧૦.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૧૨ | ડો. દીપક પી. પટેલ | પેપર નં. ૨ અને ૩ | ૨૧.૧૦.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૧૩ | ડો. દીપક પી. પટેલ | પેપર નં. ૨ અને ૩ | ૨૩.૧૦.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૧૪ | ડો. અંબાદાન રોહડિયા | પેપર નં. ૨ અને ૩ | ૨૩.૧૦.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૧૫ | ડો. દીપક પી. પટેલ | પેપર નં. ૨ અને ૩ | ૨૬.૧૦.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૧૬ | ડો. અંબાદાન રોહડિયા | પેપર નં. ૨ અને ૩ | ૨૬.૧૦.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૧૭ | ડો. દીપક પી. પટેલ | પેપર નં. ૨ અને ૩ | ૨૭.૧૦.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૧૮ | ડો. નીતિન વડગામા | પેપર નં. ૨ અને ૩ | ૨૭.૧૦.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૧૯ | ડો. અંબાદાન રોહડિયા | પેપર નં. ૨ અને ૩ | ૨૮.૧૦.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૨૦ | ડો. નીતિન વડગામા | પેપર નં. ૨ અને ૩ | ૨૮.૧૦.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૨૧ | ડો. અંબાદાન રોહડિયા | પેપર નં. ૨ અને ૩ | ૨૯.૧૦.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૨૨ | ડો. નીતિન વડગામા | પેપર નં. ૨ અને ૩ | ૨૯.૧૦.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૨૩ | ડો. દીપક પી. પટેલ | પેપર નં. ૨ અને ૩ | ૩૦.૧૦.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૨૪ | ડો. નીતિન વડગામા | પેપર નં. ૨ અને ૩ | ૩૦.૧૦.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૨૫ | ડો. દીપક પી. પટેલ | પેપર નં. ૨ અને ૩ | ૦૨.૧૧.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૨૬ | ડો. નીતિન વડગામા | પેપર નં. ૨ અને ૩ | ૦૨.૧૧.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૨૭ | ડો. બિપિન આશર | પેપર નં. ૨ અને ૩ | ૦૩.૧૧.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| ૨૮ | ડો. નીતિન વડગામા | પેપર નં. ૨ અને ૩ | ૦૩.૧૧.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |
| ૨૯ | ડો. બિપિન આશર | પેપર નં. ૨ અને ૩ | ૦૪.૧૧.૨૦૧૫ | ૦૮.૩૦ થી ૧૦.૩૦ | |
| 30 | ડો. નીતિન વડગામા | પેપર નં. ૨ અને ૩ | ૦૪.૧૧.૨૦૧૫ | ૧૦.૩૦ થી ૧૨.૩૦ | |

Scanned by CamScanner